પ્રશ્ન :- શિક્ષક દ્વારા બાળકોમાં લેખન સર્જન કૌશલ્ય વિકસાવવા કરેલ પ્રવુતિ અને તેનું પરિણામ ટૂંકમાં જણાવો.

તારણ:-શિક્ષકોએ આપેલ શ્રેષ્ઠ જવાબ નીચે મુજબ છે જવાબની સાથે શિક્ષકનું નામ અને નંબર પણ આપેલ છે.

(૧) બાળકોમાં લેખન સર્જન કૌશલ્ય વિકસાવવા શાળામાં આવતા સમાચાર પત્ર તથા વિવિધ અંકોમાંથી બાળકને ગમતા મુદ્દા પર લેખન કાર્ય કરાવીને બીજા દિવસે જે વિદ્યાર્થીના સારા અક્ષર હોય તેનું પ્રાર્થના સભામાં બધા બાળકોની વચ્ચે ત્રણ તાળી દ્વારા બહુમાન કરવામાં આવે છે.(મનસુરી આકીબહુસૈન-અમદાવાદ-7878711192,શાહ સંકેતભાઈ-છોટાઉદેપુર-9624250072)

(૨) **"ટપાલ દ્વારા લેખન કૌશલ્યનો વિકાસ"** બે શાળાઓના શિક્ષકની મદદથી વિદ્યાર્થીના નામ અને તેમના એડ્રેસ મંગાવ્યા.ત્યારબાદ સામ સામેની શાળાના બાળકો પોતાની શાળામાં ચાલી રહેલ કામગીરી વિષે તથા ખબર-અંતર પૂછતા સમાચાર જાતે ટપાલમાં લખે અને તેને બીજી શાળાના વિદ્યાર્થીના એડ્રેસ લખીને પોસ્ટ-ઓફીસ માં આપી આવે છે અને તેના પ્રત્યુતર માં સામેના વિદ્યાર્થી પાસેથી ટપાલ મેળવે.આમ બાળકોમાં ટપાલ લખવાની ટેવ પડે અને સાથે સાથે તેમની લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો.(વાઘેલા ડુંગરસિંહભાઈ-કચ્છ- 8128438232)

(૩) શાળામાં વિવિધ સ્પર્ધા જેવીકે શ્રુત લેખન, નિબંધ સ્પર્ધા, મુદ્દા તેમજ ચિત્ર પરથી વાર્તા,સુલેખન સ્પર્ધા દ્વારા બાળકોમાં વિચારવાની શક્તિ ઉજાગર કરવાની સાથે સાથે તેમને સારા અક્ષર તથા સુંદર લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો.(પટેલ ચંદ્રિકાબેન-ગાંધીનગર-9825023704,મોરી કરશનભાઈ-ભાવનગર-9737807621, ઓડેદરા રમેશભાઈ-પોરબંદર-9737318884,મોરી અમિતભાઈ-સુરેન્દ્રનગર- 8866655861,ગઢિયા વિજયભાઈ-બોટાદ- 9662548154,રાવલ ખ્યાતીબેન-ગાંધીનગર- 9904480702પટેલ પીન્ટુબેન-પંચમહાલ- 8980590917,ડૉ. મિનેશભાઇ પટેલ-બનાસકાંઠા- 9428186534)


(૪) બાળકો નાના ધોરણથી જ સુંદર, સ્વચ્છ અને મરોડદાર અક્ષર વાળું લખાણ કરે તે હેતુથી વર્ગખંડમાં બાળકને કેલીગ્રાફી , વિવિધ આકારો વાળા ચિત્રો,રેતી વડે ચિત્રો અને ફ્રી-હેન્ડ થી બનતા ચિત્રો ની મદદ વડે બાળકોને ચિત્રકામના સહારે લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કર્યો. આ પ્રવૃત્તિથી બાળકો સુંદર, સ્વચ્છ અને મરોડદાર અક્ષર વાળું લખાણ કરે છે.(પરમાર પ્રદિપભાઈ-જુનાગઢ-9974164143, સુથાર મનોજભાઈ-બનાસકાંઠા-9099206800, ભુવાઆનંદભાઈ-મોરબી-8905175962, વણકરપરેશભાઈ-સાબરકાંઠા-9427884557)



(રેતીની મદદથી પોતાની ખૂબી બહાર લાવતા નેસડા પ્રાથમિક શાળાના બાળકો શિક્ષક- સુથાર મનોજભાઈ-બનાસકાંઠા)

(૫) બાળકોમાં લેખન સર્જન કૌશલ્યનો વિકાસ કરવો પણ કેવી રીતે કરવો ? જેથી બાળકોને પણ લાગે કે “રમત સાથે ભણતર” કરી રહ્યા છે.શાળાની લાયબ્રેરીમાં વાર્તાના ઘણા પુસ્તકો છે બાળકોને કહેવામાં આવ્યું તમને જે વાર્તાનું પુસ્તક જોઈએ તે લઇ લો.અઠવાડિયાના અંતે બાળકોને કહેવામાં આવ્યું કે તમે જે વાર્તાની બૂક વાંચી તે પરથી તમારો અભિપ્રાય લખીને આપો.બાળકોએ પોતાના મનમાં જે વાર્તાની ચોપડી વિશેના અભિપ્રાય હતા તેને એક કોરા પેજ પર ચીતર્યા અને શિક્ષકને આપ્યા.આમ શિક્ષકે બાળકોને વાંચન અને લેખનકાર્ય માટે પણ પ્રોત્સાહિત કર્યા.(શાહ હર્ષલભાઈ-ભાવનગર- 9879553944)

(૬) વિવિધ શાળા દ્વારા માસિક, દ્વિમાસિક, ત્રિમાસિક તથા વાર્ષિક પત્રિકા બનાવવામાં આવે છે.આ પત્રિકામાં જોક્સ, ઉખાણા, મગજમારીના પ્રશ્નો, જનરલ નોલેઝ, વાર્તા, કવિતા, જીલ્લા ટુર(પ્રવાસન સ્થળો વિશેની માહિતી),પ્રેરણાસ્ત્રોત સુવિચારો અને શાળામાં અત્યાર સુધી શું કર્યું ? ભવિષ્યમાં શું કરવા માંગે છે. જેવા વિવિધ વિભાગો ધોરણ ૫ થી ૮ ના બાળકોમાં વહેંચવામાં આવે છે, બાળકો પોતાની જાતે કાચું લખાણ કરી શિક્ષકને આપે છે શિક્ષક બધા વિભાગ ભેગા કરીને જે વિદ્યાર્થીએ સારી રીતે લખ્યું હોય તેમનું નામ તથા ધોરણનું નામ પત્રિકામાં તેના વિભાગ સાથે જરૂરી વ્યાકરણના સુધારા કરીને છાપવામાં આવે છે.જેથી બાળકો વધુ પ્રોત્સાહિત થાય છે.(કટેશિયા ભગવાનજીભાઈ-જામનગર- 9925891560,પંચાલ ભુપેન્દ્રભાઈ-આણંદ-9737229679,બોલણીય વિજયભાઈ-સુરેન્દ્રનગર-9979703541,પટેલ રમેશચંદ્ર –ભરૂચ-9426859056)


ખીમરાણાના બાળકો માટેની જ્ઞાનવર્ધક પત્રિકા

વર્ષ :૩ જાન્યુઆરી ૨૦૧૬ અંક-૩૨ પેઈજ ૪

# કાંકરિયા વર્લ્ડ

કાંકરિયા પ્રાથમિક શાળા-ખીમરાણા,આચાર્ય શ્રી ભગવાનજીભાઈ કટેશિયાએ પ્રસિદ્ધ કરી.

## બોધવાર્તા

જૂના જમાનાની આ વાત છે.એક નગરીમાં એક રાજ કરતો હતો.તેની પાસે ઉતમ કલાકારીગરીવાળી પંદર ફુલદાની હતી. આવી ફુલદાની માત્ર તેની પાસે જ છે,તેનું તેને અભિમાન હતું.

એકવાર બન્યું એવું કે,તેના એક નોકરથી તેની સાફ સફાઈ કરતાં એક ફુલદાની તુટી ગઈ. તેથી રાજાને ખૂબ ગુસ્સો થયો. તેણે વગર વિચાર્યે તે નોકરને ફાંસીની સજા ફટકારી દીધી. આ વાત આખા નગરમાં ફેલાઈ ગઈ.એક વૃધ્ધ માણસની જાણમાં આ વાત આવી.

તે રાજાના દરબારમાં આવ્યો અને કહ્યું," મેં સાંભળ્યુ છે કે,આપના રાજની અને તમારી દુર્લભ ફુલદાની તુટી ગઈ છે.પણ હું તેને ખૂબ જ સારી રીતે સાંધવાની કળા જાણું છું.સાંધ્યા પછી તમેને એકદમ પહેલાં જેવી જ લાગશે." આ વૃધ્ધ માણસની વાત સાંભળી રાજાની આંખમાં ચમક આવી અને પછી કહ્યું,"મારીપાસે હવે ચૌદ જ ફુલદાની રહી છે.જો તમે મને એ ફુલદાની સાંધી આપો તો તમે જે કહેશો તેઈનામ આપીશ.

પેલા વૃધ્ધ માણસે રાજાની આજ્ઞા લઈને પેલી તુટેલી ફુલદાની સાથે બધી ફુલદાની રાખવાનું કહ્યું.પોતાના હાથમાંની લાકડી વીંઝીને બાકી ચૌદે ફુલદાનીઓને તડાતડ તોડી નાંખી. રાજાના ગુસ્સાનો કોઈ પર ન રહ્યો. અને બોલ્યો," અરે ઓ મુરખના સરદાર આ તેં શું કર્યુ ? "

વૃધ્ધ માણસે શાંતીથી જવાબ આપ્યો,"મેં તો મારૂં કર્તવ્ય નિભાવી બીજા ચૌદ લોકોના જીવ બચાવ્યા છે. હવે ફક્ત તમે એક જ માણસને મારી શકશો અને તે પણ મને."

જોયું ને, બાળદોસ્તો,આ વૃધ્ધ પુરૂષે શાણપણ અને હિમ્મત બતાવી સમ્રાટની મતી ઠેકાણે લાવી અને પેલા નોકરને પણ માફી અપાવી.

(૧)

## પ્રેરણાશ્રોત

વિદ્યાર્થીમિત્રો, આપણે ધારીએ તો કોઈ પણ વસ્તુ અશકય નથી.પણ તેને શકય કરવા માટે નાનકડો પણ પ્રયત્ન જરૂર કરવો પડે. મોટા ભાગના લોકો નદી નાં કાઠેથી પાણીનો પ્રવાહ જોઈને જ પાછા વળી જાય છે.પણ,જે સાહસ,હિમ્મત, ધૈર્યથી કામ લે છે.તે અશકયને પણ શકય બનાવીને જંપે છે.

## જિલ્લાટૂર

ચાલો,આ વખતે આપણે જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલ "ગોપના ડુંગર" ની મુલાકાત લઈશું.

ગોપનો ડુંગર લાલપુરથી ભાણવડ જતાં રસ્તામાં મોટી ગોપ ગામથી ઉગમણી બાજુ આશરે ચાર કિમી દૂર આવેલ છે. આ ડુંગર પર ગોપનાથ મહાદેવનાં મંદિરની જગ્યા આવેલી છે. પહેલાના સમયમાં આ ડુંગર ચડવો ખૂબ જ કપરો હતો. હાલ, આ ડુંગર પર સહેલાઈથી વાહન પણ જઈ શકે તેવો રસ્તો તૈયાર કરવામાં આવ્યો છે.

આ ડુંગર પર મુલાકાતીઓને ચાપાણીની પણ વ્યવસ્થા કરવામાં આવે છે.

આવા,સ્થળની સમય મળે તો મુલાકાત લેવાનું ચુંકશો નહિં.

(૨)

(ભગવાનજીભાઈ કટેશિયા દ્વારા શાળામાં ચલાવતું માસિક પત્રક “કાંકરિયા વર્લ્ડ” જેમાં બાળકોને પોતાની ખૂબી બહાર લાવવાની ઉતમ તક આપવામાં આવે છે.)